


# પરદેશમાં પ્રભુનો પ્રસંગ : સાહેબજી અને સંતોને સંગ

**ઑસ્ટ્રેલિયાની** ધર્મયાત્રા અભૂતપૂર્વ, શ્રેષ્ઠતમ બની રહી. સંતભગવંત સાહેબદાદા પધાર્યા. સાથે પૂ. શાંતિદાદા, પૂ. અશોકભાઈ, પૂ. સતીશભાઈ, પૂ. ઉત્પલભાઈ, પૂ. અર્પિતભાઈ આદિ સંતો સેવામાં જોડાયા. પર્થ, મૅલબૉર્ન, સિડની અને બ્રિસબૅન-ચાર મહાનગરો પાવન થયાં. ૨૦૧૦થી આરંભાયેલ આ પ્રદેશની યાત્રાઓમાં જે જે મુક્તો સંબંધમાં આવ્યા હતા, તેઓને દર્શન, સેવા, સમાગમ કરી લેવા ઉમંગ અને ઉત્સાહ અપાર હતાં. હવે સૌ મંડળોમાં એકતા, સુહૃદભાવના સિદ્ધાંતે સેવા કરી લેવા ને સાહેબજીને રાજી કરી લેવા સમજણ દૃઢ થઈ છે તેનાં દર્શન થયાં. સર્વ કાર્યક્રમોનાં આયોજન તે ભાવે સૌએ કરવા માંડ્યાં હતાં. આયોજનો માટે મીટિંગ થાય ત્યારે એકબીજાનાં સૂચનો માન્ય રાખવાં, પરસ્પર માન આપી, સ્વીકારી, તેમાં સાથ આપવો જ છે તે અભિગમ સૌનો રહ્યો. સૌમાં બોલનાર ને બોલાવનાર પ્રભુ છે તે સૌએ સ્વીકાર્યું. મારે મારા ભાગે આવતી સેવા કરી લઈ સાહેબજીને રાજી કરી લેવા છે, પરિણામે સેવાના ફળ સ્વરૂપે જીવનો સત્સંગ દૃઢ કરવો જ છે તે ભાવ ને પ્રાર્થના ધરી સૌ સુસજ્જ થઈ ગયાં.

પર્થ મહાનગરે પ્રારંભ થયો. સંજયભાઈ-શોભના, કેયૂર-પૂનમ, રોહન-જલ્પા, સમીર-માનસી ઝવેરી આદિ સૌનાં માર્ગદર્શને પધરામણીઓ, સભાઓ, ગોષ્ઠિના કાર્યક્રમો થયા. સૌને શ્રીજી-સ્વામીનો મહિમા સમજાયો, સાથે પ્રગટ પ્રત્યક્ષ ગુરુહરિ સાહેબજીને સર્વ સમર્પિત કરી લેવાના નિર્ધારની દૃઢતા થઈ. મંડળના સૌ મુક્તોએ સુહૃદભાવ-એકતાનાં અદ્‌ભુત દર્શન કરાવ્યાં. મૅલબૉર્નમાં તન્મય-પલક, સંદીપ-રશ્મિ, વિપુલ-હિના આદિ સૌએ નેતૃત્વની જવાબદારી સ્વીકારી અને દાસભાવે નિભાવી અદ્‌ભુત આયોજન કર્યાં. સિડનીમાં અનુપમ મિશન-ઑસ્ટ્રેલિયાના પ્રમુખ દીપેન રુઘાણી, આશિષ-આરતી, જાસ્મિન-શીતલના નેતૃત્વે આયોજન થયાં. સર્વ આયોજનોની સફળતાનો યશ એકમેકને આપી પોતે નિર્લેપ સેવકભાવનાં દર્શન કરાવ્યાં. બ્રિસબૅન મંડળ તો આ વખતે શિબિરનું આયોજન કરવાની જવાબદારી સ્વીકારી ઉમંગથી થનગની ઊઠ્યું હતું. આબાલવૃદ્ધ સૌ એકતાથી બિનાબા-દિલીપબાપુ, ધર્મિન-મિત્તલના નેતૃત્વે સેવામાં મંડ્યાં હતાં. વિવિધ વિભાગોની જવાબદારી સૌને સોંપાઈ. સુપેરે પાર પાડવા મીટિંગો થઈ, સૌ ભજન-પ્રાર્થનાનાં બળ લઈ તૈયાર થયાં હતાં.

ગુરુવર્ય પ.પૂ. સાહેબજીને સૌને શુદ્ધ ઉપાસના સમજાવવા ઉમંગ છે તેથી શિબિરમાં 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના' વિષય રાખ્યો હતો. તેની સમજ સૌને સરળતાથી પ્રાપ્ત થાય તે માટે પૂ. મનોજભાઈને એક અઠવાડિયા માટે ઑસ્ટ્રેલિયા પધારવા સાહેબજીએ આજ્ઞા કરી, તે સ્વીકારી તેઓ પધાર્યા હતા. શિબિરમાં યોજાયેલ મુખ્ય ત્રણ સભામાં તેઓએ બે-બે કલાક વિષયક વાતો કરી સાથે શ્રીજી-સ્વામીની સર્વોપરિતા અને ભગવાન સ્વામિનારાયણ આજે પ્રગટ પ્રત્યક્ષ સાહેબજી દ્વારા મળ્યા છે તેના મહિમાની અદ્‌ભુત વાતો કરી જ્ઞાન આપ્યું સાથે આચરણમાં મૂકવા માર્ગદર્શન પણ આપ્યું. અદ્‌ભુત શિબિર થઈ !

સમગ્ર યાત્રામાં સાહેબજી અને સંતોના નિવાસનાં આયોજનો થયાં તે પરિવારો સાથે સંતો સાથે રાત્રે મોડા સુધી ગોષ્ઠિના કાર્યક્રમો યોજાયા. સૌને જીવન જીવવા સમજ પ્રાપ્ત થઈ. દરેક કેન્દ્રોમાં ભક્તો તન-મન-ધનથી સેવામાં જોડાયાં અને ધન્ય થયાં તે અનુભૂતિ કરી. ખમવું, નમવું ને પ્રભુને ગમવું, 'આ સૌ પ્રગટ-પ્રત્યક્ષનાં તે સૌ મારાં; હું તો દાસ' તેવી સમજણ સૌને દૃઢ થઈ. યાત્રામાં જે સંતો જોડાયા તે સૌ દેહને ગણ્યા વિના કેવળ સાહેબજીને પ્રસન્ન કરવા પ્રતિપળ જીવી ધન્યતા અનુભવતા રહ્યા. સમગ્ર યાત્રા એક શાશ્વત સંભારણું બની રહી.

હે પ્રભુ પરમ ! હે યોગીબાપા ! હે સાહેબદાદા ! યાત્રામાં સહભાગી સૌને આતમ સુખે સુખી કરો, સૌને ઉપાસનાની દૃઢતા કરાવો. સૌને આપના સ્વરૂપમાં પૂર્ણ પ્રીતિ કરાવો, સમગ્રનાં સમર્પણ સ્વીકારી ધન્ય કરો ! ◆

### બ્રિસબૅનમાં સંતભગવંત સાહેબજીનાં સ્વાગત

સંતભગવંત સાહેબજી બ્રિસબૅન પધારે તે પૂર્વે પૂ. શાંતિદાદા, પૂ. અશોકભાઈ અને પૂ. સતીશભાઈએ સત્સંગના કાર્યક્રમોમાં ભક્તિની આહ્‌લેક જગાવી. ૧૮ મેના રોજ બ્રિસબૅન ધર્મિન-મિત્તલના ઘરમંદિરની મૂર્તિઓના પાટોત્સવની સુંદર મહાપૂજા વિશાળ હૉલમાં કરી સૌને કૃતાર્થ કર્યા, સંતોએ રૂડા આશીર્વાદ આપી સત્સંગમય જીવન જીવવાના માર્ગદર્શન આપ્યાં. ૧૯ મેએ સંતભગવંત સાહેબજી મૅલબૉર્નથી બ્રિસબૅન પધાર્યા. બ્રિસબૅન મંડળની સભામાં તેઓનાં ભાવપૂર્ણ હૈયે સ્વાગત થયાં. પૂજન, પુષ્પહાર અર્પણ અને ભજનગાન દ્વારા સૌ ભક્તોએ હૈયાના ભાવ અર્પણ કર્યા. પૂ. ઉત્પલભાઈ અને પૂ. સતીશભાઈએ પ્રાસંગિક માહાત્મ્યગાન કર્યાં. ઑસ્ટ્રેલિયામાં ભક્તિનું જે વિરાટ કાર્ય થઈ રહ્યું છે તેનાં અનુભવદર્શન વત્સલભાઈએ કરાવ્યાં. ત્યારબાદ બાળમંડળે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના સમજાવતા પ્રસંગોને નૃત્ય સ્વરૂપે રજૂ કરી ભક્તિ અદા કરી.

મંડળમાં દૃઢ થયેલો સુહૃદભાવ અને માતાપિતા દ્વારા બાળકોને અપાતા સંસ્કારના દિવ્ય કાર્યને જોઈ સાહેબજીએ રૂડા આશીર્વાદ વરસાવ્યા. તેઓએ જણાવ્યું કે, 'પરદેશમાં સમૃદ્ધિ અપાર હોય; પરંતુ, ઊછરતી પેઢીમાં સત્સંગના સંસ્કાર હોવા તે અનિવાર્ય બાબત છે. પરદેશની શિસ્ત અને આપણી સંસ્કૃતિનો સમન્વય થાય તો જીવન સર્વાંગી સુંદર બને અને તે માટે અઠવાડિક સત્સંગસભા ખૂબ જરૂરી છે.'

ધર્મિનભાઈએ સંતભગવંત સાહેબજીના આગમનથી સૌના હૈયામાં થયેલા આનંદને વ્યક્ત કરી સૌ સંતોનો આભાર માન્યો અને પ્રભુ રાજી થાય તેમજ સાહેબજીને ગમે તેવું જીવન જીવવાની સૌ વતીથી પ્રાર્થનાઓ કરી. ◆

## શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના નૅશનલ શિબિર, બ્રિસબૅન

સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલૅન્ડના અક્ષરમુક્તો માટે નૅશનલ શિબિરનાં આયોજન ૨૫થી ૨૭ મે ૨૦૧૮ દરમિયાન બ્રિસબૅનમાં થયાં. ૧૨૦થી વધુ ભક્તોએ ભેગા મળીને શ્રી અક્ષરપુરુષોત્તમ શુદ્ધ ઉપાસનાની સમજણ પ્રાપ્ત કરી અને સંતભગવંત સાહેબજી, પૂ. શાંતિદાદાની પ્રત્યક્ષ સંનિધિમાં બ્રહ્માનંદ કર્યો. આ શિબિરનો લાભ લેવા અમેરિકાથી ખાસ ડૉ. જિતુભાઈ-રીટાબહેન પધાર્યાં.

શાસ્ત્રીજીમહારાજ, યોગીજીમહારાજના દિવ્ય કાર્ય-શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તન કાર્યને ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલૅન્ડમાં ધબકતું રાખવા માટે સંતભગવંત સાહેબજીએ અથાક દાખડો કર્યો. આ શિબિરમાં લાભ આપવા માટે સાહેબદાદાએ દિલ્હીથી પૂ. ડૉ. મનોજભાઈ સોનીને ઑસ્ટ્રેલિયા પધારવા આજ્ઞા કરી. સાહેબજીની આજ્ઞા ઝીલી મનોજભાઈ બ્રિસબૅન પધાર્યા ને ત્રિદિવસીય શિબિરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં ગૂઢ જ્ઞાન અને રહસ્યોને સરળ અને સહજ સમજાય તેવી શૈલીમાં પ્રગટ સ્વરૂપ સાહેબજીનાં જીવન દૃષ્ટાંતોને વણી લઈને પ્રગટ કર્યાં.

સમગ્ર શિબિરનું આયોજન નૅશનલ કમિટિના સભ્યોએ ખૂબ ચીવટતાથી કર્યું. શિબિરનાં આયોજન, તૈયારીઓ અને વ્યવસ્થામાં ભક્તોના હૈયામાં રહેલી સંપ, સુહૃદભાવ અને એકતાની ભાવના સૌને સ્પર્શી ગઈ. આબાલવૃદ્ધ સૌએ ખૂબ સેવાઓ કરી શિબિરને સફળ રીતે સાકાર કરી. ઘનશ્યામ ફળિયામાં આનંદ કરતા બાળવૃંદે સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરી રાજીપો પ્રાપ્ત કર્યો.

સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં માહાત્મ્ય, આજ્ઞાપાલનની અનિવાર્યતા, નિર્દોષભાવે માહાત્મ્યયુક્ત સેવા આદિ અંગે પૂ. અશોકભાઈ, પૂ. સતીશભાઈ, પૂ. ઉત્પલભાઈએ સૌને માર્ગદર્શન, હૂંફ અને બળ આપ્યાં. અનુપમ મિશન-ઑસ્ટ્રેલિયાના પ્રમુખ દીપેનભાઈ રુઘાણી અને અનુપમ મિશન-ન્યૂઝીલૅન્ડના પ્રમુખ જહોનુભાઈ શાહના નેતૃત્વ હેઠળ સમગ્ર આયોજનો થયાં. સુશોભન, ભોજન, સભા, સફાઈ, ઉતારા-વ્યવસ્થા આદિ વિભાગોની સેવાઓ સૌ અક્ષરમુક્તોએ ભેગા મળીને ખૂબ મહિમા સાથે કરી, જેના ફળ સ્વરૂપે સૌએ સંતભગવંત સાહેબજીનો અત્યંત રાજીપો પ્રાપ્ત કર્યો.

સંતભગવંત સાહેબજી અને પૂ. શાંતિદાદાએ સૌને રૂડા આશીર્વાદ આપી કૃતાર્થ કર્યા, ઉપાસનાની શુદ્ધ સમજણ છતી કરી અને ડૉ. મનોજભાઈ સોનીનો હૃદયગત આભાર માની આશીર્વાદ વરસાવ્યા. 'જેના જીવનમાં ઉપાસના વણાઈ જાય તેને ચોવીસ કલાક આનંદ રહે, ગમે તેવી પરિસ્થિતિમાં પણ સ્થિતપ્રજ્ઞતા તૂટે નહીં અને અખંડ આનંદનો અનુભવ કરી શકાય. ઉપાસનાના આ મૂળ જ્ઞાનને એવા ગુણાતીત સાધુ થકી આત્મસાત કરી શકાય. એવા સત્પુરુષને વિષે હેત, તેઓની આજ્ઞાપાલનનું અનુસંધાન, ભક્તો પ્રતિ સુહૃદભાવ અને નિર્દોષભાવેયુક્ત સેવા-ભક્તિ ઉપાસનાને જીવનમાં સહજ સાકાર કરી દે છે.' આ હાર્દને જીવનમાં ચરિતાર્થ કરવા સૌએ પ્રાર્થનાઓ કરી. ◆

## સંતસભામાં સાહેબજીના શ્રીમુખેથી વહેલી હૃદયભાવના...!

'આ વખતે છ વર્ષે ઑસ્ટ્રેલિયા ગયો પણ ખુશ થઈ ગયો ! અશ્વિનભાઈ-શાંતિભાઈએ દૃષ્ટિ કરીને, પ્રેમ વરસાવીને જે ભક્તોને સત્સંગમાં ખેંચ્યા તે બધાને ઉત્પલ, સતીશ, અશોક, અર્પિતે તેઓ પાસે જઈ જઈને મહિમાનું સિંચન કર્યું છે તે અદ્‌ભુત છે, હું ખુશ થઈ ગયો ! તેઓએ પ્રગટ અને પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપોની વાતો કરીને ખૂબ માહાત્મ્યનું સિંચન કર્યું છે. છ વર્ષ પહેલાં ભક્તોને જોયા હતા, તે ભક્તોના જીવનમાં આકાશ-પાતાળનો ફેર પડી ગયો, તેવું સુંદર જીવન જીવતા થયા છે. કેટલા બધા દૂર રહે છે છતાં બધા સભા કરવા ભેગા થાય છે ! સૌ ભક્તો સંપ, સુહૃદભાવ અને એકતાથી હળીમળીને મહિમા અને ઉત્સાહથી જે સેવા-ભક્તિ કરતા હતા ત્યારે સંતોએ જે મહિમા સીંચ્યો છે તેનો અનુભવ થયો. સંતોએ મહિમા ગાયો છે તેથી તેઓ માટે દિવ્યભાવ-નિર્દોષભાવ વધી ગયો છે અને તેથી તેઓના હૈયામાં ભક્તિનો અનેરો આનંદ પ્રગટ્યો છે. આ સંતોએ જે કામ કર્યું છે તેવું આપણે સૌએ કરવાનું છે, આ સિવાય બીજું કાંઈ કરવું નથી.' ◆




બ્રિસબૅનની નૅશનલ શિબિરમાં સહભાગી થનાર ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝિલૅન્ડના ભાગ્યવંતા અક્ષરમુક્તો



# સંતભગવંત સાહેબજી સંગ ધર્મયાત્રાની અમૃત અનુભૂતિ

ભાગ્ય જાગ્યાં રે જાણવાં...
કોટિ થયાં કલ્યાણ
આ શબ્દપંક્તિ પર ચિંતન ચાલ્યું.
આપણે સૌ ભાગ્યવાન... કૃપાલુનાં સંતાનો.
ઑસ્ટ્રેલિયાની યાત્રામાં અનુભવાયું
સંતભગવંત સાહેબજી આ યાત્રામાં પધાર્યા
સાથે સંતોના વૃંદને સેવામાં જોડ્યું
અનેક આત્માઓ સંબંધમાં આવ્યા
સૌને સેવા આપી, પાવન કરી, આત્મબળ દીધાં
ઘર ઘર પધાર્યા ને તીર્થત્વ આપ્યાં
ઘરમાં રહેનાર સૌને આતમે પ્રભુ સ્થાપ્યા, પાવન કીધાં
કથાવાર્તાનાં રસપાન કરાવી પ્રભુમાં જોડ્યાં
રોજ રોજની સભામાં મંડળનાં સૌ પધારે
આબાલવૃદ્ધ હોંશે હોંશે ઉમંગથી જોડાય
દર્શન પ્રસાદીનાં સુખ લે ને સત્સંગ કરે
ઉપાસનાનાં રહસ્યો સમજે ને દૃઢ કરે
જીવન જીવવા સમજ પ્રાપ્ત કરે ને ધન્ય થાય
સાહેબજી સાથે પ્રેમબંધને બંધાય ને આનંદે
પ્રભુના થઈને જીવવું જ છે તે સંકલ્પ કરે
નિર્દોષ થવું ને સૌને નિર્દોષ માનવા
સેવા સૌની કરવી ને સાચા દાસ થવું
જીવનમાં જે ઘટે તેનો કરનારો મારો પ્રભુ
મારા અને સૌના જીવનનો કર્તા-હર્તા તે મારો પ્રભુ
આ સૌની અહોભાવે સેવા કરીએ તે પ્રભુની સેવા
તે સેવાથી જ મારા ગુરુ રાજી... મારો પ્રભુ રાજી
આ પરમ સત્યો સાંભળી જીવી લેવા સંકલ્પ કર્યા
કંઈ કેટલાયના જીવનમાં ચરિતાર્થ થયા અનુભવ્યા
સાહેબજીએ કંઈ કેટલાય મુક્તોને પાવન કર્યા
શાશ્વત સનાતન જ્ઞાને સમૃદ્ધ કર્યા
આતમે સહજાનંદ સ્થાપી ધન્ય ધન્ય કર્યા.

આ સમગ્ર યાત્રા આતમયાત્રા બની રહી
ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડની શિબિર યોજાઈ
બંને દેશમાંથી કાર્યકર્તાઓ પધાર્યા ને લાભ લીધો
પૂ. મનોજભાઈને સાહેબજીએ પધારવા આજ્ઞા કરી
પધાર્યા ને 'ઉપાસના' સમજાવી પ્રકાશ પાથર્યા
'શ્રીજી'ની સર્વોપરિતા સમજાવી
'સ્વામી' દ્વારા પ્રગટ રહ્યા
સત્પુરુષ દ્વારા સૌને પ્રત્યક્ષ મળ્યા
તે આજે પણ પ્રગટ પ્રત્યક્ષ સત્પુરુષમાં
ગુરુહરિ સંતભગવંત સાહેબજીમાં પ્રતિ-અક્ષ
તેના સંબંધવાળા સૌ દિવ્ય
તે સૌમાં અને આપણામાં કર્તા-હર્તા તે જ
તેની સેવા કરીએ તો 'સ્વ'રહિત થવાય
આ સમજ સૌએ પ્રાપ્ત કરી
સૌને તે જ્ઞાન અનુભવજ્ઞાન બને
તેવા સાહેબદાદાએ સૌને આશીર્દાન દીધાં !
શિબિરમાં સૌએ સેવાઓ કરી
દેહ મન બુદ્ધિ વાપર્યાં ને પવિત્ર કીધાં
સાહેબજીની અંતરની પ્રસન્નતા મેળવી
મંડળોમાં એકતા સુહૃદભાવે જીવતા સૌ થયા
પરસ્પર મહિમા સમજતા થયા તે દર્શન થયાં
આત્મીયતાસભર અનુપમ સમાજનાં-પરિવારનાં
દર્શન અને અનુભવ કરી, સૌને અહોભાવ થયો.
હે દયાળુ પ્રભુ ! હે યોગીબાપા ! હે સાહેબદાદા !
આપનાં સંબંધી, આ સર્વ... આપનાં સંતાનો... અમને...
શુદ્ધ સર્વોપરી ઉપાસનાનો માર્ગ સમજી, આચરતા રહી,
આ અમારું માન્યું દેહ મન બુદ્ધિ તમને સમર્પી,
સાચા સહજાનંદી બની રહેવા બળ દો !
અમે સૌ કેવળ આપનાં જ... તે સહજ મનાવી દો !
જે માન્યું તે પળેપળના વર્તને જીવતા કરી દો ! ◆

બ્રહ્મજ્યોતિ, ૬ જૂન ૨૦૧૮